# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

SGCCI

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2026-27/66 Dt. 15/08/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા દેશના 80મા સ્વાતંત્ર્ય પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી

## સરસાણા સ્થિત 'સંહતિ' ખાતે ધ્વજવંદન તથા લુથરા સર્કલથી ટ્રાફિક અવેરનેસ રેલીનું આયોજન

### ભારતને 'વિશ્વગુરુ' બનાવવા માટે માત્ર સરકાર જ નહીં, દેશના પ્રત્યેક નાગરિકે પોતાની ફરજ નિભાવવી પડશે: પ્રમુખ અશોક જીરાવાલા

### જન્મદિવસની ઉજવણી માત્ર કેક કાપીને નહીં, આદિવાસી વિસ્તારના બાળકોને શૈક્ષણિક મદદ કરીને યાદગાર બનાવો: અશોક જીરાવાલાનું આહ્વાન

### નાગરિકોને ટ્રાફિક નિયમોનું પાલન, જળ સંચય અને 'એક પેડ મા કે નામ' અંતર્ગત વૃક્ષારોપણ કરવા સંકલ્પ લેવડાવાયો

### સૌથી વધુ યુવાધન ધરાવતો ભારત દેશ વિકાસની નવી ઊંચાઈઓ સર કરી રહ્યો છે: ઉપપ્રમુખ રવિ રાજ દેસાઈ

સુરત, 15 ઓગસ્ટ 2026: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા શનિવાર, તા. 15 ઓગસ્ટ 2026ના રોજ દેશના 80મા સ્વાતંત્ર્ય દિવસની ઉત્સાહ, ઉમંગ અને દેશભક્તિના માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી. સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે ચેમ્બર અને સુરત બાઇકર્સ કમ્યુનિટીના સંયુક્ત ઉપક્રમે 'ટ્રાફિક અવેરનેસ રેલી – થેન્ક યુ સુરત 2.0'નું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

સ્વાતંત્ર્ય દિવસની સવારે સરસાણા સ્થિત 'સંહતિ' ખાતેના કાર્યક્રમની સાથે જ ટ્રાફિક જાગૃતિનો સંદેશ જનજન સુધી પહોંચાડવાના હેતુથી સવારે 07:30 કલાકે લુથરા સર્કલ, વીઆઈપી રોડ ખાતેથી ટ્રાફિક અવેરનેસ રેલી યોજાઈ હતી.

ઉજવણીને માત્ર રાષ્ટ્રીય તહેવાર પૂરતી મર્યાદિત ન રાખી, સુરક્ષિત અને જવાબદાર નાગરિક બનાવવાના સંકલ્પ સાથે ઉજવવાનો અનોખો પ્રયાસ ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલા દ્વારા કરવામાં આવ્યો હતો. 'સંહતિ' કાર્યાલય ખાતે ત્રિરંગો લહેરાવી ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમણે ઉપસ્થિત સૌને સ્વાતંત્ર્ય પર્વની શુભેચ્છાઓ પાઠવી દેશની આઝાદી કાજે સર્વોચ્ચ બલિદાન આપનારા અમર શહીદો તથા વીરાંગનાઓને નતમસ્તક વંદન કર્યા હતા.

### ભારતને વિશ્વગુરુ બનાવવા નાગરિક ધર્મ નિભાવવો જરૂરી: અશોક જીરાવાલા

ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સંબોધન કરતા જણાવ્યું હતું કે, "આપણે સૌ વર્ષ 2047 સુધીમાં ભારત 'વિશ્વગુરુ' બને તેવો સંકલ્પ લઈને આગળ વધી રહ્યા છીએ. પરંતુ દેશને વિશ્વગુરુ બનાવવો એ માત્ર સરકારનું કામ નથી, આ માટે દેશના કરોડો નાગરિકોએ પણ પોતાનો નાગરિક ધર્મ અને જવાબદારી નિભાવવી પડશે." તેમણે સૌને ટ્રાફિકના નિયમોનું ચુસ્ત પાલન કરવા, 'એક પેડ મા કે નામ' અંતર્ગત જન્મદિવસ પર વૃક્ષારોપણ કરવા, જળ સંચય અને રેઇન વોટર હાર્વેસ્ટિંગ અપનાવવાનો સંકલ્પ લેવડાવ્યો હતો. તેમણે ઉપસ્થિતોને અનુરોધ કરતા ઉમેર્યું હતું કે, "જન્મદિવસની ઉજવણી માત્ર કેક કાપીને કરવાને બદલે આદિવાસી વિસ્તારના જરૂરિયાતમંદ બાળકોને પુસ્તકો, સ્ટેશનરી કે શૈક્ષણિક સામગ્રીની મદદ કરીને તેમના ચહેરા પર ખુશી લાવો. સમાજ અને દેશમાં મોટો બદલાવ લાવવા હંમેશા મોટા કામ કરવાની જરૂર નથી હોતી; નાગરિકોની નાની-નાની સારી આદતો જ દેશમાં ક્રાંતિકારી પરિવર્તન લાવે છે."

### ગાંધીજીના વિચારોનું આચરણ કરવાનો સમય: રવિ રાજ દેસાઈ

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી રવિ રાજ દેસાઈએ જણાવ્યું હતું કે, "વિશ્વમાં ભારત આજે સૌથી વધુ યુવા શક્તિ ધરાવતો દેશ છે. દેશ જ્યારે વિકાસશીલમાંથી વિકસિત રાષ્ટ્ર બનવા તરફ કૂચ કરી રહ્યો છે, ત્યારે આપણે મહાત્મા ગાંધીજીના સુવિચાર 'આપણે સમાજમાં જે બદલાવ જોવા માગીએ છીએ, તે પહેલાં ખુદમાં લાવવો જોઇએ' તેને જીવનમાં ઉતારવો પડશે."

ધ્વજવંદનના કાર્યક્રમમાં નંદુબા શાળાના વિદ્યાર્થીઓએ દેશભક્તિના ગીત ઉપર એક સુંદર કૃતિ રજૂ કરી હતી. સમગ્ર ધ્વજવંદન સમારોહનું સંચાલન ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી પરેશ લાઠિયાએ કર્યું હતું. આ રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં માનદ્ ખજાનચી શ્રી અતુલ પટેલ, ઓલ એક્ઝિબિશન ચેરમેન શ્રી મનિષ કાપડિયા, ચેમ્બરના પૂર્વ પ્રમુખો, ગ્રુપ ચેરમેનો, મેનેજિંગ કમિટીના સભ્યો, લેડીઝ વિંગના હોદ્દેદારો અને સ્ટાફગણ ઉપસ્થિત રહ્યા હતા.